ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૩.૩ ડીગ્રી
લઘુતમ : ૧૬.૮ ડીગ્રી
ભેજ
સવારે ૪૨ ટકા ● સાંજે ૨૬

## આઈ લવ માય ગાંધીનગર



**કૌશિકભાઈ જે ભટ્ટ**

**સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા**

**ગાંધીનગર ગમે**

હરિયાળું, શાંત, રમણીય, વાતાવરણ અહીં છે તેથી ગાંધીનગર ખૂબ ગમે છે.

**નગરજનો**

અહીંના નાગરિકો વંદનીય છે.

**પ્રવૃત્તિ, સંસ્થા ગમે**

નિરાધાર વૃધ્ધો, પાગલો, અતિ ગરીબની સેવા કરતી નામ અને અપેક્ષા વગરની હોદ્દા વગરના સંગઠન સૌરાષ્ટ્ર કચ્છ સમાજ સેવા અને ૨૪ કલાક કાર્યરત જુનિયર સિટિઝન કાઉન્સિલની પ્રવૃત્તિઓથી ખૂબ જ પ્રભાવિત છે.

**નગરને બહેતર બનાવવા**

સ્વચ્છતા બાબતે ઘણું કામ કરવાની જરૂર છે.

**નગર માટે હું કરી શકું**

વૃધ્ધાશ્રમોને મદદ, ગરીબ બાળકોને અક્ષરજ્ઞાન, દવા, બિમારીનું ખર્ચ, મુક્તિધામનાં અબોલ પશુ, પક્ષીની સેવા કરીને ગાંધીનગરનું ઋણ ચૂકવવા જીવન સમર્પિત છે.

# બજારમાં અવનવી ફેન્સી પીચકારીઓનું આગમન

## બાળકોમાં વોટર ટેન્કવાળી પીચકારીઓ હોટ ફેવરીટ : રૂ.૩૦ થી રૂ.૭૦૦ સુધીની પીચકારીઓ બજારમાં ઉપલબ્ધ

ગાંધીનગર, તા.૪

હોળી એ રંગોનો ઉત્સવ છે. હોળી એટલે રંગબેરંગી રંગોમાં રંગાઈ જવાનો તહેવાર... હોળી પર્વ આવતા જ દરેકના જીવનમાં પણ એક અનેરો ઉત્સાહ જોવા મળે છે. જયારે બાળકોમાં આ તહેવારનું વિશેષ મહત્વ હોય છે. હોળી પર્વને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે શહેરના બજારમાં અવનવી પીચકારીઓનું આગમન થઈ ગયું છે. બજારમાં રૂ.૩૦ લઈને ૭૦૦ રૂપીયા સુધીની આધુનિક પીચકારીઓ આકર્ષણનું કેન્દ્ર બની છે. બાળકો માટે મોટું-પતલું, બેનટેન, સ્પાઈડર મેન, છોટાભીમ સહિત પાંચ લીટર પાણીનો સમાવેશ થાય તેવી વોટર ટેન્કવાળી પીચકારીઓ બાળકોમાં આકર્ષણનું કેન્દ્ર બનવા પામી છે. આ વર્ષે બજારમાં આવેલ સ્પાઈડરમેનના પોસ્ટરવાળી ઉડી પીચકારી બાળકોમાં હોટ ફેવરીટ બની રહેશે.

દર વર્ષે ફાગણ માસની પુનમના દિવસે માર્ચ મહિનામાં આવતો લોકપ્રિય તહેવાર એટલે હોળી..હોળી-ધુળેટીનો પર્વ માત્ર ભારતમાં જ નહીં અન્ય દેશોમાં પણ ઉત્સાહ અને ઉલ્લાસથી મનાવવામાં આવે છે. આ તહેવારમાં નાના મોટા સૌ કોઈ એકબીજા પર અબીલ, ગુલાલ, કેસુડાના રંગો છાંટીને રંગોની વર્ષામાં તરબોળ થઈ જાય છે. ત્યારે આ પર્વને ગણતરીના દિવસો બાકી રહ્યા છે છતાં પણ બજારમાં જોઈએ તેટલી ઘરાકી જામી નથી. પરંતુ હોળીના તહેવારને અનુલક્ષી શહેરના સે-૭, ૨૧, ૨૨, ૨૪ સહિતના બજારોમાં રંગોના તહેવારને પગલે વિવિધ અવનવી ફેન્સી પીચકારીઓનું આગમન થઈ ચુકયું છે. બજારમાં નાના બાળકો માટે વપરાતી પંપવાળી પીચકારી અત્યારે હાલના સમયે બાળકો માત્ર ફુગ્ગા ફુલાવવા માટે લઈ જાય છે. બાળકોમાં મોટું-પતલુ, બેનટેન, છોટા ભીમ, સ્પાઈડરમેનની ઉડી પાંચ લીટર વોટર ટેન્કવાળી પીચકારીઓ બાળકોમાં લોકપ્રિય છે. જયારે બાળકોના માતા-પિતા રંગોના તહેવારને પગલે રૂ.૩૦થી લઈ ૭૦૦ સુધીની પીચકારીની ખરીદી કરતા પણ અચકાતા નથી.



## @ગાંધીનગર

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા આયોજીત અર્ક વ્યાખ્યાન માળામાં 'જીવનના એકસરે' વિષય પર શિવાની દીદીનું વ્યાખ્યાન સે-૧૨ મેડીકલ કોલેજ ઓડીટોરીયમ, સિવિલ કેમ્પસ, સે-૧૨ ખાતે સવારે ૧૦ કલાકે યોજાશે.

● ગાયત્રી મંદિર સે-૧ ખાતે સવારે ૭ થી ૮.૧૫ કલાક દરમિયાન નિઃશુલ્ક યોગ ધ્યાન શિબિર યોજાશે.

● વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા આયોજીત ત્રિશુલ દિક્ષાંત સમારોહ બપોરે ૩ કલાકે ભારતમાતા મંદિર સે-૭-એ ગાંધીનગર ખાતે યોજાશે.

● માતૃભાષા અભિયાન તથા આત્મન ફાઉન્ડેશન દ્વારા ઘ-૪ સર્કલ ખાતે સવારે ૭ કલાકે પુસ્તક પરબ યોજાશે.

# મુકબધિર દિકરાને બોલતો કરવાના બહાને ચીટીંગ કરનાર નકલી વ્યંઢળો પકડાયા

## ચારેક માસ પહેલા કોબા પાસે એક ફલેટમાં જઈને વિધિ કરવાના બહાને એક લાખના દાગીના તથા રોકડ ઉઘરાવી રફફુચક્કર થઈ ગયેલા બંને નકલી વ્યંઢળો એસઓજીના સકંજામાં

ગાંધીનગર, તા.૪

કોબા પાસે પાંડવવાડી સોસાયટીના ફલેટમાં ચારેક માસ પહેલા વ્યંઢળના વેશમાં બે શખ્સો ઘુસ્યા હતા અને એક મકાનમાં જઈ મુકબધિર દિકરાને બોલતો કરી દેવાની લાલચ આપી હતી. માતાજીના આશીર્વાદ મેળવવા વિધિ કરવી પડશે તેમ કહી વિશ્વાસમાં લઈ દાગીના તથા રોકડ મળી રૂ. ૧ લાખથી વધુની મત્તા લઈને થોડી વારમાં આવીએ તેમ કહી નીકળેલા બંને બહુરૂપી રફફુચક્કર થઈ ગયા હતા. છેતરપીંડી કરી પલાયન થઈ જનાર આ બંને નકલી વ્યંઢળોને ગાંધીનગર એસઓજીની ટીમે શાહપુર સર્કલ નજીકથી દબોચી લીધા છે. બંનેની ધરપકડ કરી પુછપરછ કરતાં આવા અનેક ગુનાઓ આચર્યા હોવાની સનસની વિગતો કબુલ કરી છે.

ચારેક માસ પહેલા કોબા પાસે પાંડવવાડી સોસાયટીના એક ફલેટમાં બે બહુરૂપી ઘુસ્યા હતા. વ્યંઢળનો વેશ ધારણ કરીને ઘુસેલા આ બહુરૂપીને જોઈ એક વસાહતીએ તેમને માતાજીના રૂપ માનીને ઘરે બોલાવ્યા અને પોતાનું દુઃખ વ્યકત કર્યુ હતું. મહિલાએ કહ્યું હતુ કે



તેણીના જેઠનો દિકરો મુકબધિર છે તેને બોલતો કરો. બહુરૂપીએ કહ્યું કે માતાજીના આશીર્વાદથી બોલતો થઈ જશે પણ તેના માટે વિધી કરવી પડશે. તેમ કહી વિશ્વાસમાં લઈ સોનાના દાગીના તેમજ રોકડ મળી રૂ. ૧,૦૧,૦૦૦ની મત્તા લઈ વિધી માટે ત્રણેક કલાકમાં પરત આવીએ છીએ તેમ કહી સરકી ગયા હતા. આ તરફ બહેન વિધિની તૈયારીઓ કરીને વ્યંઢળોની રાહ જોઈને બેઠી હતી અને પેલા બંને બહુરૂપી ચુનો લગાવી રફફુચક્કર થઈ ગયા હતા. ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા આ ગુનાની તપાસ ચાલી રહી હતી દરમિયાન ગાંધીનગર એસઓજી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમના પીએસઆઈ ડી.ડી. પરમાર અને એલ.એસ. ચૌધરી તેમના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે શાહપુર સર્કલ નજીકથી બે શકમંદોને પકડી પાડયા હતા. પુછતાછમાં રાજકોટના બે શખ્સો મહેશ નાયી ઉર્ફે પ્રવિણ ઉર્ફે પકો ઝવેરનાથ પરમાર (બાવાજી) અને અરવિંદનાથ ઉર્ફે ભકો જીવનનાથ પરમાર (બાવાજી) હોવાનું જાણવા મળ્યું હતું. કડક પુછતાછ કરતા તે બંને વ્યંઢળનો વેશ ધારણ કરી છેતરપીંડી આચરતા હોવાનું ખુલ્યું હતું. જેમાં ચાર મહિના પહેલા કોબામાં કરેલી છેતરપીંડી પણ તેમણે કરી હોવાનું બહાર આવ્યું છે. બંનેની ધરપકડ કરી લઈને તપાસ કરતા અગાઉ ગોધરા, સુરત સીટી, અમદાવાદ સીટી, બોપલ, અમરાઈવાડી સહીતના વિસ્તારમાં પણ આ જ રીતે બહુરૂપી બનીને ચીટીંગ કરી હોવાની કબુલાત કરી રહ્યા છે તે અંગે વધુ પુછતાછ ચાલી રહી છે.

# સેકટર-૫-બીમાં પાણીનો ફોર્સ નહિવત આવતા આક્રોશ

ગાંધીનગર, તા.૪

સેકટર-૫-બી વિસ્તારમાં છેલ્લા ૧૫ દિવસથી પીવાના પાણીનો ફોર્સ એકદમ ધીમો નહિવત આવે છે અને નિયત સમય પહેલાં પાણી બંધ થઈ જાય છે. ઘરવપરાશ અને પીવા માટેનું પાણી વસાહતીઓને મળતું નથી તેવી વસાહતીઓની ફરિયાદ છે.

ઉનાળાની શરૂઆતમાં પીવાના પાણી નહિ મળવાનો કકળાટ ચાલુ થયો છે. સેકટર-૫માં પાણીની ટાંકી બનાવી હોવા છતાં પાણીની ટાંકી દ્વારા વસાહતીઓને પીવાનું પાણી આપવામાં આવતું નથી અને શોભાના ગાંઠીયા જેવી પાણીની ટાંકીથી સે-૫ના વસાહતીઓએ પાણીનું વિતરણ કરવાની માંગણી કરી છે.

ઉનાળામાં પાણીનો વપરાશ પણ વધવા પામશે તો આગોતરા આયોજન કરી દરેકના રસોડામાં નળમાં પાણી પહોંચે તેવી વ્યવસ્થા ગોઠવવી જોઈએ અને જરૂર જણાય તો પાઈપલાઈન બદલીને મોટી સાઈઝની નાંખવાની જરૂર છે.

સેકટર-૫માં પાણી પહોંચતા જ પાણીનો ફોર્સ ધીમો થઈ જાય છે જયારે સેકટર-૫ની ટાંકીથી સે-૧૩ મહાત્મા મંદિર, સેકટર-૬, ૩, ૪માં સીધા જોડાણ આપેલા છે જેથી આ વિસ્તારમાં પાણીનો પ્રશ્ન ઉપસ્થિત થયો નથી તો ઉપરોકત વિષયને તાકીદે ધ્યાને લઈને સે-૫ના વસાહતીઓને પૂરતો પાણીનો ફોર્સ મળી રહે તેવી વ્યવસ્થા સંબંધિત અધિકારીઓને ગોઠવી આપવા પ્રમુખ કેશરીસિંહજી બિહોલા અને મહામંત્રી નરેશભાઈ પી. પરમારે જણાવેલ છે.

## વાતવાતમાં

● આગામી તા. ૮મી માર્ચે વિશ્વ મહિલા દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગાંધીનગર સહિત ગુજરાતના ત્રણ સ્થળોની મુલાકાતે આવી રહ્યા છે. વડાપ્રધાનની સુરક્ષા માટે દિલ્હીથી ત્રણ એસપીજીની ટીમો આવી છે. જેમાંથી એક ટીમે ગાંધીનગર ખાતેના વડાપ્રધાનના રૂટ, કાર્યક્રમ સ્થળ મહાત્મા મંદિર તથા રાજભવન વગેરેની સુરક્ષાનું સઘન નિરીક્ષણ કર્યું હતું.

● ગાંધીનગરની નર્સિંગ કોલેજ ખાતે જીપીએસસીની પરીક્ષાના પગલે પોલીસ બંદોબસ્ત ગોઠવાયો હતો. આ ઉપરાંત આજ કેમ્પસમાં ફિઝિયોથેરેપી કોલેજની શહેરની સરકારી વિજ્ઞાન કોલેજની વિદ્યાર્થીનીઓએ મુલાકાત લીધી હતી.

● રાજય ગૃહમંત્રીને જુતું મારવાના કેસમાં આરોપી ગોપાલ ઈટાળિયાની રીમાન્ડ હેઠળ પુછપરછ કરવામાં આવી છે. આ પુછપરછમાં ગોપાલ થતા તેના કુટુંબીજનો કયા પક્ષ, કઈ વિચારધારામાં માને છે થી લઈને તેના મિત્રો કોણ કોણ છે તે સુધીની તપાસ હાથ ધરવામાં આવી છે.

● સે-૬ સહિત શહેરના કેટલાક વિસ્તારમાં સવારથી જ વિજળી વેરણ થવા પામી હતી. લાઈટો ગુલ થવાને કારણે વસાહતીઓએ પરેશાનીનો સામનો કરવો પડયો હતો.

## પારૂલ એસ. ફાઉન્ડેશનના હોદ્દેદારોની વરણી કરાઈ

ગાંધીનગર, તા.૪

પારૂલ એસ ફાઉન્ડેશનની સામાન્ય સભા તાજેતરમાં અડાલજ વાવ પાસે આવેલ બગીચામાં યોજાઈ હતી. આ સભામાં ટ્રસ્ટીઓ, હોદ્દેદારો કારોબારી સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે પારૂલ એસ. ફાઉન્ડેશનના પ્રમુખ તરીકે શૈલેષભાઈ ડોડીયા, ઉપપ્રમુખ તરીકે વિષ્ણુભાઈ ઠાકોર, મહામંત્રી તરીકે નવટરસિંહ ચૌહાણ, સહમંત્રી તરીકે ભાવિકાબેન જોષી, સરીતાબેન પટેલ, પટેલ ઉષાબેન, સંગઠન મંત્રી તરીકે વિનોદભાઈ પરમાર, સહ સંગઠન મંત્રી તરીકે રાઠોડ જસવિરસિંહ, ખજાનચી તરીકે ચિરાગભાઈ મહેરીયા, ઓડીટર તરીકે વિલસન ડામોર, કારોબારી સભ્ય તરીકે કરણ ખરીકની સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. આ સંસ્થા સામાજીક સેવા ક્ષેત્રે વિવિધ પ્રવૃત્તિઓ બાળકો, મહિલાઓ અને વૃધ્ધો માટે કાર્યો કરે છે.

# ગુડા દ્વારા ટી.પી. સ્કીમ ૧૭માં ચિલોડા ખાતે રોડના કામનું ખાતમુહૂર્ત

ચિલોડા, તા.૪

ગાંધીનગર જિલ્લાના પ્રવેશ દ્વાર સમા વિકસિત ચિલોડા ખાતે ગુડા દ્વારા ટી.પી. સ્કીમ ૧૭માં ૧૨મી માર્ચ ગુડાનો ૨૧મો સ્થાપના દિવસને લઈને વિકાસ પર્વ ઉજવવાનું શરુ કર્યું છે. વિકાસ પર્વની ઉજવણીનો આરંભ પેથાપુર ખાતેથી કરવામાં આવ્યો છે ત્યારબાદ ટી.પી. સ્કીમ વિકાસ કામોમાં ગટરલાઈન, આર.સી.સી. રોડ, એલઈડી લાઈટ વગેરે વિકાસ કામોના લોકાર્પણ અને ખાતમુહુર્ત કાર્યક્રમો થકી ૩૯ જેટલા ગામોમાં આયોજન થઈ રહ્યું છે. ત્યારે ચિલોડા ખાતે ટી.પી.સ્કીમ ૧૭માં હાલ વિકસિત થયેલા એરિયામાં મુખ્ય ધણપ-મુઠિયા કાંસને અડીને ચિલોડા મુખ્ય રહેણાંક અને સીમને જોડતા



મોખરાના ૨૫૦ મીટર રોડ કામનું ખાતમુહૂર્ત ગુજરાત વિધાનસભાના ઉપાધ્યક્ષ-દક્ષિણ વિધાનસભાના ધારાસભ્ય શંભુજી ઠાકોર, ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, ગામના સરપંચ વસુમતીબેન પટેલના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સૌ પ્રથમ દીપ પ્રાગટય અને શાસ્ત્રોકત વિધિ પ્રમાણે ખાતમુહૂર્તનો શુભારંભ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે ગામના મુખ્ય અગ્રણીઓએ ખેસ પહેરાવી મહાનુભાવોનું ઉષ્માભર્યું સ્વાગત કર્યુ હતું. આ પ્રસંગે તાલુકા પંચાયતના પ્રમુખ કાળુસિંહ રાઠોડ, ભાજપના મહામંત્રી આઈબી. વાઘેલા, ગુડાના ચેરમેન આશિષભાઈ દવે, ઉપાધ્યક્ષ શંભુજી ઠાકોરે પ્રાસંગિક ઉદબોધન કર્યું હતું. આ પ્રસંગે ઘનશ્યામભાઈ પટેલ સ્ટેન્ડીંગ કમિટીના ચેરમેન, માજી સરપંચ કેશાભાઈ પટેલ, સવાજી ઠાકોર, મંડળીના ચેરમેન જૈમિન પટેલ, શામળભાઈ પટેલ, ગ્રામ પંચાયતના સદસ્યો તથા ગામના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આભારવિધિ નટુભાઈ પટેલે કરી હતી.

# હોસ્પિટલના એચઓડી ડોક્ટર્સ આરામના મુડમાં...!

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દર્દીઓથી ઉભરાય છે. રોજના હજ્જારો દર્દીઓ વિવિધ રોગની સારવાર માટે આવે છે. ઓપીડીમાં ફરજ બજાવતા ડોકટર દિવસ દરમ્યાન રોજના ૨૦૦ થી વધુ દર્દીઓને તપાસીને સારવાર કરે છે. ત્યારે કહેવાતા વિભાગના એચઓડી આરામના મુડમાં હોય તેવું લાગી છે. ગરીબ દર્દી માટે ડોકટર ભગવાનનું સ્વરૂપ હોય છે. વિવિધ વિભાગના એચઓડીના નામ અને તેઓની કાબેલીયતને ધ્યાને રાખીને દર્દી તેમની પાસે સારવાર માટે આવતી હોય છે. પરંતુ ગરીબ દર્દીઓનું નસીબ પણ ગરીબ હોય તેમ લાગી રહ્યું છે. હોસ્પિટલમાં રાજશાહી ચાલી રહી હોય તેવા દશ્યો જોવા મળે છે. માત્ર એક મહિલા એચઓડી પોતાની ઓપીડી દરમિયાન દર્દીઓને તપાસીને તેમજ જરૂરી દવા તેમજ માર્ગદર્શન પુરુ પાડે છે. જયારે બાકીના વિભાગો તો જુનીયર અને સિનિયર ડોકટરના હવાલે હોય છે. સરકાર અધધ રૂપીયા પગાર ચુકવતી હોવા છતા તેમની ઓપીડી દરમિયાન દર્દીઓને તપાસવાનો જાણે કંટાળો એચઓડીને આવતો હોય તેવું લાગી રહ્યું છે. હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ આવે છે. જે તે વિભાગના એચઓડી હોવાથી તંત્ર દ્વારા હેડ ઓફ ધ ડિપાર્ટમેન્ટ બનાવાય છે. ત્યારે આ ડિપાર્ટમેન્ટના હેડની જગ્યાએ હોસ્પિટલના હેડ હોય તેવું વર્તન કરતા થઈ જાય છે. ડિપાર્ટમેન્ટમાં પણ તાનાશાહી જેવો માહોલ જોવા મળે છે. દર્દીઓએ તેમના રોષનું ભોગ પણ ઘણીવાર બનવું પડતું હોય છે. ત્યારે ગાંધીનગર શહેર અને જિલ્લામાંથી આવતા દર્દીઓ હોસ્પિટલમાં એચઓડી હાજર હોય તે દિવસે દવા લેવા આવતા હોય છે. પરંતુ તેઓને ડોક્ટર ના મળતા નિરાશ થઈ ને પરત ફરવાનો વારો આવતા દર્દીઓમાં પણ છુપો રોષ જોવા મળી રહ્યો છે.

## વિશ્વ વન્ય પ્રાણી દિવસની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરની સંસ્થા સંસ્કાર ગ્રુપ દ્વારા વિશ્વ વન્ય પ્રાણી દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ગાંધીનગર સ્થિત ધોળાકુવા પ્રા. શાળાના વિદ્યાર્થીઓને વન્ય પ્રાણી, પક્ષી, વનસ્પતિ તેને બચાવવા અને તેનો નાશ ના થાય તેમજ માનવીને તેઓ કઈ રીતે ઉપયોગી છે. માનવીને તેના વગર ચાલી શકશે નહી પણ માનવી વગર તે લોકો જીવી શકશે આ બધા મુદ્દાઓ શિક્ષકમિત્રો અને વિદ્યાર્થીઓ વચ્ચે પ્રશ્નોત્તરી કાર્યક્રમ કરી સમજાવવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓને પુરસ્કૃત પણ કરવામાં આવ્યા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવા આચાર્ય અને શિક્ષકમિત્રોએ ભારે જહેમત ઉઠાવી હતી.

## શહેર જાગૃત નાગરિક પરિષદની બેઠક સોમવારે

ગાંધીનગર શહેર જાગૃત નાગરિક પરિષદની પ્રત્યેક માસની પહેલી તારીખ પછીના સોમવારે મળતી બેઠક તા. ૬ઠ્ઠી માર્ચના રોજ સોમવારે પ્રમુખ જયોતિન્દ્રભાઈ દવેના અધ્યક્ષસ્થાને બપોરના ચાર કલાકે સે-૨૧ નમન એપાર્ટમેન્ટ ખાતે મળશે. જેમાં પડતર પ્રશ્નોની સમીક્ષા કરવામાં આવશે તો પદાધિકારીઓ, કાર્યવાહક સમિતિના સભ્યોને ઉપસ્થિત રહેવા મહામંત્રીશ્રી નિરંજનભાઈ ઓઝાએ જણાવેલ છે.

# ગ માર્ગ પર માટીના બમ્પને કારણે છ વાહનચાલકોને અકસ્માત

## સે-૨૭/૨૮થી આદિવાડા તરફના માર્ગે કોઈએ માટીનો બમ્પ બનાવી દેતા છ ટુ વ્હીલર ચાલકો પટકાયા : ઈજાગ્રસ્તોને સિવિલ હોસ્પિટલમાં સારવાર અપાઈ

ગાંધીનગર, તા.૪

તમે રોજ જે માર્ગેથી પસાર થતા હોવ તે માર્ગે અચાનક રાત્રે કોઈ



અડચણ ઉભી કરી દેવામાં આવે તે તમારી જાણમાં ના હોય તો શું હાલત થાય? બસ આવી જ પરિસ્થિતિ સે-૨૪ ચાર રસ્તાથી આદિવાડા તરફના ગ માર્ગે કોઈએ મુખ્યમાર્ગ પર માટીનો બમ્પ બનાવી દેતા છ વાહન ચાલકોને અકસ્માત થયો હતો. જેમાંથી ચારેક વાહન ચાલકોને ઈજાઓ થતા સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે લઈ જવા પડયા હતા. આ પ્રસંગે શહેરના ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા ઘટના સ્થળે ધસી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને સારવાર અપાવી હતી.

રાત્રે આશરે ૧૦ વાગ્યાના સુમારે ગ રોડ પર સે-૨૭/૨૮ની ચોકડીથી આદિવાડા તરફ જતા માર્ગ પર કોઈએ માટીનો મોટો બમ્પ બનાવી દીધો હતો. તંત્રની અને જનતાની જાણ બહાર જ બનેલ આ બમ્પને કારણે રાત્રે ત્યાંથી પસાર થઈ રહેલા છ થી સાત બાઈક-સ્કૂટર ચાલકો પડી જવા પામ્યા હતા. માત્ર અડધા કલાકમાં જ અહીં છ થી સાત બાઈક-સ્કૂટર ચાલકો પડી જવાની ઘટનાને પગલે અહીં ટોળુ જમા થઈ ગયું હતું. આ અકસ્માતોની હારમાળામાં ચારેક વાહન ચાલકોને નાની મોટી ઈજાઓ થવા પામી હતી જયારે એક વાહન ચાલકને વધુ ઈજાઓ થતા સઘન સારવાર આપવી પડી હતી. ઘટના સ્થળે દોડી આવેલ સ્થાનિક જાગૃત નાગરિક મૌલિક વખારિયાએ વાહનચાલકોને પડવાને કારણે ઈજા થયેલા જોઈ તુરંત જ ૧૦૮ એમ્બ્યુલન્સને ફોન કરી બોલાવી હતી તથા શહેરના ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા ઉર્ફે જીગા બાપુને સઘળી હકીકતની જાણ કરી હતી. ઘટનાની જાણ થતા જ સ્થળ પર ધસી આવેલા ડેપ્યુટી મેયરે ઈજાગ્રસ્તોને ૧૦૮ એમ્બ્યુલન્સ દ્વારા સિવિલ હોસ્પિટલ પહોંચાડી તાત્કાલિક સારવાર અપાવવાની તજવીજ કરી હતી. આ ઉપરાંત તેમણે રાત્રે જ ખાનગી જેસીબી બોલાવી ગોઝારો બમ્પ માર્ગ પરથી હટાવડાવ્યો હતો. આ સ્થળે એકત્ર થયેલ નાગરિકોના ટોળાએ આમ અચાનક મુખ્ય માર્ગ પર બમ્પ બનાવી દેનાર પર ફિટકાર વરસાવ્યો હતો.

### ડેપ્યુટી મેયરની પ્રસંશનીય સેવા

ડેપ્યુટી મેયર દેવેન્દ્રસિંહ ચાવડા ઉર્ફે જીગાબાપુને રાત્રે ઘટનાની જાણ થતા તુરંત જ સ્થળ પર ધસી આવ્યા એટલું જ નહીં પરંતુ ઈજાગ્રસ્તોને સિવિલ હોસ્પિટલમાં સારવાર અપાઈ ત્યાં સુધી ખડે પગે હાજર રહ્યા હતા. પ્રાથમિક સારવાર આપી રજા આપી દેવાયેલા ઈજાગ્રસ્તોને પોતાની કારમાં ઘરે પહોંચાડી ફરી તેઓ વધુ ઈજાગ્રસ્ત વાહનચાલક માટે પરત આવ્યા હતા અને તેને રજા અપાઈ ત્યાં સુધી રાત્રીના બારેક વાગ્યા હોવા છતાં રોકાયા હતા. આ સાથે તેમણે રાત્રે જ તાત્કાલિક જેસીબી મશીન બોલાવી બમ્પ હટાવી દેવડાવતા રહીશોમાં રાહતની લાગણી ફેલાઈ હતી.



## ચક્ષુદાન

ગાંધીનગર નજીક આવેલ કોલવડા ગામના વતની સ્વ. મહેન્દ્રસિંહ દિપસિંહ વાઘેલા, ઉ.વ. ૪૮ શાંતિનગર સોસાયટી કોલવડાનું તાજેતરમાં દુઃખદ અવસાન થવાથી સદ્ગતના કુટુંબીજન વિષ્ણુસિંહ મહેન્દ્રસિંહ વાઘેલાની સંમતિથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન લેવામાં આવ્યું હતું. આ કાર્યમાં તબીબી સેવા ડૉ. સૌરભભાઈએ પુરી પાડી હતી જયારે દિલિપભાઈ દંતાણી અને સની વાઘેલાએ સ્વર્ગસ્થના ચક્ષુઓ લેવા સેવા પુરી પાડી હતી. ચક્ષુઓને અમદાવાદ ચક્ષુબેંક (સિવિલ હોસ્પિટલ) ખાતે પહોંચાડવાનું ભગીરથ કાર્ય રાજુભાઈ વાઘેલાએ કર્યું હતું.

## ચિરવિદાય

- સ્વ. આત્મારામ નાથાભાઈ પટેલ, ઉ.વ. ૬૫
- સ્વ. મંગીબેન અજયભાઈ દંતાણી, ઉ.વ. ૩૫
- સ્વ. નવુબા પૃથ્વીસિંહ વાઘેલા, ઉ.વ. ૬૨
- સ્વ. અરજુનભઈ કુંદનલાલ મારવાડી, ઉ.વ. ૫૨
- સ્વ. દલસુખભાઈ ત્રિકમભાઈ પરમાર, ઉ.વ. ૮૨